# આનંદાલય

વાર્ષિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – ૮

विद्या सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦ | સમય : ૧ કલાક

તા : ૨૦ .૦૨ .૨૦૨૩

નામ ________________________ ધોરણ: __________ ક્રમાંક : __________

પ્ર . ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો .

É પુત્રની કમાણીની વાત સાંભળીને પિતાએ પુત્રને શું કહ્યું ? (૨)

૨ પરમાનંદૈયાને શિષ્યોએ શા માટે પગ ધોવાની ના પાડી ? (૨)

પ્ર . ૨ નિર્દેશ પ્રમાણે લખો

અ સમાનાર્થી શબ્દ આપો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | લગાર | |
| ૨ | ચીવટ | |
| ૩ | પરિતોષિક | |

| | | |
|---|---|---|
| ૪ | નિત્ય | |

બ    વિરોધાર્થી શબ્દ આપો    (૪)

| | | |
|---|---|---|
| É | ભરેલ | |
| r | અધોગતિ | |
| Ë | જાણીતી | |
| Ì | બહાર | |

પ્ર . ૩    અ . ખાલી જગ્યા પૂરો .    (૨)

૧    એની સુલીવને ____________ ની સહાયથી હેલનને શિક્ષણ આપ્યું .

૨    છોકરાએ કમવાના પ્રયત્નો કર્યા પણ ____________ મળી .

બ . નીચેના વાક્યો ખરા છે કે ખોટા તે જણાવો .    (૨)

૧    'ગીતાંજલી' કાવ્યસંગ્રહ માટે રવિન્દ્રનાથ ટાગોરને નોબલ પુરસ્કાર મળ્યો હતો . [ ]

૨    ગુરુએ શિષ્યોને લુહારને બોલાવવા આદેશ કર્યો . [ ]

પ્ર . ૪    નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો    (૪)

તમે વડોદરા ગયા હશો અને કમાટીબાગમાં તો જોયો જ હશે ને? આ બાગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે પ્રવેશતાં ડાબી તરફ બે પૂતળાં જોવા મળશે. આ પૂતળાં બે યુવાન છોકરાઓનાં છે. તે જોઈ કદાચ તમને સવાલ થાય કે આ પૂતળા હશે કોનાં ? એ છોકરાઓ કઈ રાજકુમાર જેવા લાગતા નથી. બંનેના માથે ફાળિયાં બાંધેલ છે. એકના હાથમાં નાનકડી છરી જેવું હથિયાર છે અને બીજાના હાથમાં નાની લાકડી છે.

આ પૂતળાં હરિ અને અરજણ નામના બે યુવાન છોકરાનાં છે તે સુખપુર ગામ ધારી તાલુકા(અમરેલી)ના વતની હતા. તે જોઈએ તો એમ થાય કે ક્યાં વડોદરાને ક્યાં અમરેલીનું સુખપુર. એમનાં પૂતળાં કમાટીબાગમાં કેમ ? આની પાછળ એક બહાદુરીભરી કથા છે. ઘણા સમય પહેલાની આ વાત છે.તે સમયે વડોદરામાં મહારાજા સયાજીરાવ રાજાનું રાજ હતું. તેઓ એક વાર કાંગસા ગામ પાસેના જંગલમાં સિંહના શિકાર માટે ગયા હતા. શિયાળાની શરૂઆત હતી એટલે દિવસ જલદી આથમી જતો હોય છે.

કાંગસા ગામ નજીક એક વોકળો હતો (વોકળો એટલે નાનું નદી જેવું ઝરણું). આ વોકળા

પર સાંજના સમયમાં જંગલમાંથી પ્રાણીઓ પાણી પીવા આવતાં. કાંગસા ગામની પશ્ચિમે ગીરનું જંગલ આવેલું હતું. શિકારી લોકો વોકળા પાસે માંચડો બાંધી પ્રાણીઓનો શિકાર કરતા. મહારાજાએ માંચડો બંધાવ્યો. મહારાજા માંચડા પર તેમના મદદનીશો સાથે ગોઠવાયા. બાજુમાં સુખપુર નામનું એક ગામ હતું. હરિ અને અરજણ નામના બે જુવાનિયા શિકારના શોખીન હતા.

મહારાજા કેવી રીતે શિકાર કરે છે તે જોવા તેઓ આવ્યા હતા. બંને મિત્રો દૂર દૂર ઝાડની પાછળ સંતાઈને ઊભા હતા. તેમની પાસે છરી જેવું નાનકડું હથિયાર હતું. સૂરજ આથમી ગયો. ધીરે ધીરે અંધારું થવા લાગ્યું. એટલામાં વોકળા પર એક સિંહ પાણી પીવા આવ્યો. મહારાજે નિશાન લઈ ગોળી છોડી,પરંતુ ગોળીએ ધાર્યું નિશાન ન પડ્યું.

ગોળી ખાલી ગઈ અને બંદૂકના અવાજથી સિંહ ગુસ્સે થઈ ગયો. તેની નજર માંચડા પર પડી. માંચડા પર શિકારીઓ ને જોતાં તે વીફર્યો. છલાંગ લગાવી માંચડા નજીક પહોંચી ગયો. માંચડાને ભોંયભેગો કરવા તે એને ઝંઝેડવા લાગ્યો. માંચડા પર રહેલા સૌના જીવ તાળવે ચોંટી ગયા. મહારાજામાં પણ ફરી ગોળી છોડવાની સૂધબૂધ ન રહી.

આ કટોકટીની પળે ઝાડ પાછળ સંતાયેલા હરિ અને અરજણ નામના જુવાનિયાં વહારે આવ્યા. તેઓ જીવના જોખમે પણ બહાર ખુલ્લામાં નીકળ્યા. અવાજ કરી સિંહનું ધ્યાન એમના તરફ ખેંચવા પ્રયત્ન કરવા લાગ્યા. થોડે દૂર સાક્ષાત મોત જેવો સિંહ એમના તરફ ફર્યો તે ખિજાયેલો તો હતો જ.

માંચડો હલતો બંધ થયો, મહારાજા હવે શાંત થયા. સિંહની નજર હવે પેલા બે જુવાનિયા તરફ હતી. સિંહ તે તરફ છલાંગ મારવાની તૈયારીમાં જ હતો ને ત્યાં મહારાજાએ ગોળી છોડી. આ વખતે ગોળી નિશાન ન ચૂકી. તે સિંહને વાગી, સિંહ મૃત્યુ  પામ્યો. આ બધું ખૂબ ઝડપથી બની ગયું. મહારાજા માંચડા પરથી નીચે ઊતર્યા. જો હરિ અને અરજણ હિંમત કરી મદદે ન આવ્યા હોત તો મહારાજા ન બચ્યા હોત.

મહારાજા તે બંને જુવાનિયા પર ખૂબ ખુશ થયા. તેમને હૃદયપૂર્વક ધન્યવાદ આપ્યા. મહારાજા તો ઊંચા ગજાના માણસ હતા. જાનના જોખમે મદદ કરનાર બંને મિત્રોની એમણે કદર કરી. તેમને વડોદરા બોલાવી બહુમાન આપ્યું. તેમની કાયમી યાદગીરી રહે તે માટે કમાટીબાગમાં એ બંનેના પૂતળાં ઊભાં કર્યા. તમે હવે વડોદરા જાઓ તો કમાટીબાગની અવશ્ય મુલાકાત લઈ હરિ અને અરજણની પ્રતિમા જોજો. તમારા બીજા મિત્રોને પણ આ વાર્તા સંભળાવજો.

૧ કમાટીબાગમાં પ્રવેશદ્વાર પાસે કોના પૂતળા છે?

૨ મહારાજા સયાજીરાવ શિકાર માટે ક્યાં ગયા ?

3 કટોકટીની પળે ઝાડ પાછળ સંતાયેલા હરિ અને અરજણે શું કર્યું ?

૪ આ વાર્તા તમને શો બોધપાઠ આપે છે ?

| |
|---|
| |